**Divyabhaskar (Suppl.: Citybhaskar)**

**EDII**

**February 24, 2022**
**Pg.9**

# EDIIએ બિહારમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા સરકાર સાથે MoU કર્યા



અમદાવાદ | આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), દ્વારા બિહારમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા બિહાર સરકારના ઉદ્યોગ વિભાગ સાથે સમજૂતીકરાર (એમઓયુ) કર્યા છે. ઈડીઆઈઆઈ સમગ્ર રાજ્યમાં ઉદ્યોગસાહસિકતા વિકસાવવા વિવિધ કામગીરીઓ હાથ ધરશે અને સાનુકૂળ વાતાવરણ ઊભું કરવા સપોર્ટ સિસ્ટમમાં હિતધારકોને જાગૃત કરશે. આ કાર્યક્રમો એ પણ સુનિશ્ચિત કરશે કે ઈન્સ્ટિટ્યૂટ ઓફ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ નવી વ્યૂહરચના યોજના સાથે ફરી કાર્યરત થશે. આ પ્રસંગે ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનીલ શુક્લાએ કહ્યું હતું કે, ‘અમે ઈડીઆઈઆઈ ખાતે સમાજના વિવિધ વર્ગોને ઉદ્યોગસાહસિકતા પર સક્ષમ બનાવવા અને તાલીમ આપવા કટિબદ્ધ છીએ, જે દેશનું ભવિષ્ય છે. બિહાર સંસાધનથી સમૃદ્ધ રાજ્ય છે અને રાજ્યમાં ઉદ્યોગસાહસિકતા વિકાસના પ્રયાસો ઊંચી આર્થિક વૃદ્ધિ તરફ દોરી જશે. ઈડીઆઈઆઈ બિહારના કેટલાક વિસ્તારોમાં કામગીરી ધરાવે છે અને તાજેતરની કામગીરીઓ સાથે અમે રાજ્યમાં ઉદ્યોગસાહસિકતાની ઈકોસિસ્ટમ વધારે મજબૂત કરવા અગ્રેસર છીએ. અમને આ કામગીરીમાં મદદ કરવા બદલ નીતિ નિર્માતાઓ અને મુખ્ય સલાહકારોના અમે આભારી છીએ.’